સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી

સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટર ખાતે પ્રવેશ જાહેરાત

સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે UPSC/GPSC જેવી પરીક્ષા માટેના નિ:શુલ્ક કોચિંગ વર્ગમાં પ્રવેશ ૨૦૨૬ માટેની ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. જે અન્વયે ઉમેદવારે https://www.sdau.edu.in/career વેબસાઈટ પર તા.૨૭/૧૦/૨૦૨૬ (સવારના ૧૧.૦૦ કલાક) થી તા.૧૫/૧૧/૨૦૨૬ (સમય રાત્રિના ૨૩:૫૮ કલાક) સુધી ઓનલાઈન અરજી કરવાની રહેશે. પ્રવેશ ઈચ્છુક ઉમેદવાર વેબસાઈટ પરની સૂચનાઓ ધ્યાનપૂર્વક વાંચીને અરજી કરવાની રહેશે.

કો.ઓર્ડીનેટર

Sardarkrushinagar Dantiwada Agricultural University

Admission Announcement at Swami Vivekananda IAS Study Centre

Online applications are invited for admission to the free coaching classes for competitive examinations like UPSC / GPSC for the year 2026 at Sardarkrushinagar Dantiwada Agricultural University. Accordingly, candidates must apply online on the website https://www.sdau.edu.in/career from October 27, 2026 (from 11:00 AM) to November 15, 2026 (until 23:58 PM). Interested candidates in admission are requested to read the instructions on the website carefully before applying.

Co-ordinator

<u>સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટર</u>

<u>અગત્યની સૂચના</u>

સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટર દ્વારા વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાના નિઃશુલ્ક કોચિંગ માટે વર્ષ ૨૦૨૬-૨૭ માટેના પ્રવેશની ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ અરજીઓ ઓનલાઈન જમા કરાવવા માટેની છેલ્લી તારીખ ૧૫ નવેમ્બર, ૨૦૨૬ રહેશે. જે ઉમેદવારોના અરજીની તારીખે ૨૧ વર્ષ પૂર્ણ થતા હોય અને સ્નાતક કક્ષાનો અભ્યાસ પૂર્ણ કર્યો હોય તેવા ગુજરાત રાજ્યના વિદ્યાર્થીઓ/વ્યક્તિઓ સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટર માટે ઓનલાઈન અરજી કરી શકે છે. સ્નાતક કક્ષાના અભ્યાસ કે અનુસ્નાતક કક્ષાના અભ્યાસના પરિણામના આધારે મેરીટમાં આવેલ ઉમેદવારોએ જ્યારે ડોક્યુમેન્ટ વેરીફિકેશન માટે બોલાવવામાં આવે ત્યારે ઓરીજીનલ ડોક્યુમેન્ટસ રજૂ કરવાના રહેશે. ઉક્ત સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટરમાં પ્રવેશ માંગતા હોય તે માટેની સૂચનાઓ નીચે મુજબ છે.

કુલ સીટોની સંખ્યા ૫૦ રહેશે તેમજ આ સીટોનું વિભાજન નીચે મુજબ છે.

UR	SC	ST	SEBC	EWS	Total
41%	7%	15%	27%	10%	**100%**

a) ગુજરાત રાજ્ય સરકારના નિયમો અનુસાર દરેક સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટર ખાતે દિવ્યાંગ ઉમેદવારો માટે કુલ સીટમાંથી ૪% સીટો આરક્ષિત રાખવામાં આવશે.

b) દરેક સેન્ટર પર ૧૦% સીટોની પ્રતિક્ષા યાદી બનાવવામાં આવશે. જો કોઈ પસંદ થયેલ ઉમેદવાર સેન્ટર પર હાજર ન થાય કે સતત ગેરહાજર રહે કે અધ વચ્ચે કોચિંગ વર્ગ છોડી દે તેવા સંજોગોમાં પ્રતિક્ષા યાદીના ઉમેદવારને મેરીટના ધોરણે સેન્ટર દ્વારા પસંદ કરી શકાશે.

1) <u>શૈક્ષણિક લાયકાત અને પાત્રતા:</u>

A. શૈક્ષણિક લાયકાત: કેન્દ્ર સરકાર કે રાજ્ય સરકાર દ્વારા કાયદાથી સ્થાપિત માન્ય યુનિવર્સિટી/ ડીમ્ડ યુનિવર્સિટીમાંથી ગુજરાત રાજ્યમાંથી સ્નાતક થયેલ હોવા જોઈએ **<u>અથવા</u>** ગુજરાત રાજ્યનો વતની તેમજ સ્નાતક થયેલ હોવો જોઈએ.

B. ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ અને ડોમિસાઈલ સર્ટિફિકેટ રજૂ કરવાનું રહેશે.

C. જાહેરાતમાં દર્શાવેલ તમામ કેટેગરીના ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, સંબંધિત જાતિ પ્રમાણપત્રો, સામાજીક-શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટેનું નોન-ક્રીમીલેયર સર્ટીફિકેટ, આર્થિક રીતે નબળાં વર્ગો (EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર તથા અન્ય તમામ ડોક્યુમેન્ટ સંસ્થા દ્વારા જે તારીખે રજૂ કરવા જણાવવામાં આવે તે તારીખની સ્થિતિએ સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓના અનુસંધાને ધ્યાનમાં લેવામાં આવશે.

2) <u>વયમર્યાદા: (અરજીની તારીખે)</u>

A. ઓછામાં ઓછા ૨૧ વર્ષ અને વધુમાં વધુ ૩૨ વર્ષ સુધી

B. બિનઅનામત (General Category) અને આર્થિક રીતે નબળા વર્ગ (Economically Weaker Section) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે નહીં

C. સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગ (SEBC) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ ત્રણ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

D. અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) ના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

E. માજી સૈનિક ઉમેદવારોને ઉપલી વય મર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ ઉપરાંત વધુમાં વધુ પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

F. દિવ્યાંગ ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ ઉપરાંત વધુમાં વધુ દસ વર્ષની છુટછાટ મળવાપાત્ર થશે.

3) <u>અરજી કરવાની રીત:</u>

A. ઓનલાઈન અરજી પત્રક ભરવા અંગેનું માર્ગદર્શન મેળવવા માટે નીચેની લિંક પર ક્લિક કરવું.
<u>https://www.sdau.edu.in/career</u>

B. વધુમાં, ઓનલાઈન ફોર્મ ભરતી વખતે "Education Qualification" પરની વિગતોમાં દરેક ઉમેદવારે પોતાની સ્નાતક લાયકાતમાં Institute Name and Exam Bodyમાં જે કોલેજમાંથી સ્નાતક કર્યું હોય તે કોલેજનું નામ અવશ્ય દર્શાવવાનું રહેશે.

4) <u>સામાન્ય સૂચનાઓ:</u>

A. સંસ્થા કોઈપણ ઉમેદવારને કે જેણે, (૧) તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે (૨) બીજાનું નામ ધારણ કરવા માટે (૩) બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે (૪) બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે (૫)યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે (૬) IAS સ્ટડી સેન્ટર્સ તેમજ કોચિંગ અંગેની તમામ બાબતોનું ન્યાયક્ષેત્ર પાલનપુર રહેશે.

B. ઉમેદવારે અરજી પત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને ડોક્યુમેન્ટ વેરિફિકેશન સમયે રજૂ કરેલ જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વગેરેને લગતા પ્રમાણપત્રો, ભવિષ્યમાં જે તે તબક્કે ચકાસણી દરમિયાન ખોટા માલુમ પડશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી સંસ્થા દ્વારા “રદ્” કરવામાં આવશે.

C. પસંદગી પામેલ ઉમેદવારને જે તે IAS સ્ટડી સેન્ટરે વખતો વખતના/ પ્રવર્તમાન નિયમો મુજબ નિશ્ચિત શરતોને આધિન પ્રશિક્ષણ વર્ગમાં પ્રવેશ આપવામાં આવશે.

D. સંસ્થા ખાતે પ્રવેશ મેળવેલ ઉમેદવારો ચાલુ કોચિંગ દરમિયાન ગેરશિસ્ત અથવા ગેરમાર્ગે દોરનારી પ્રવૃત્તિ કરશે કે કરાવશે, ઉશ્કેરણી જનક કે વાંધા જનક ભાષણો કે લખાણો કરશે અથવા ઉમેદવાર પાસે કે અન્ય ત્રાહિત વ્યક્તિ પાસે કરાવશે, સંગઠનો/ કમિટી/ યુનિયન બનાવી સ્પર્ધાત્મક પરીક્ષાના અભ્યાસને ધ્યાનમાં ન રાખતાં અન્ય પ્રવૃત્તિઓ કરશે એટલે કે એવી પ્રવૃત્તિઓ કે જે અન્ય ઉમેદવાર કે સંસ્થાને નુકસાન કર્તા કે હાનિકર્તા હશે તો તેવા સંજોગોમાં ચાલુ કોચિંગ દરમિયાન પણ પ્રવેશ મેળવેલ ઉમેદવાર કે ઉમેદવારોનો પ્રવેશ રદ કરવાની અબાધિત સત્તા સંસ્થાના સક્ષમ સત્તાધિકારીને રહેશે.

E. કેસીજી કચેરી, અમદાવાદ કે કોઈપણ સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટર્સ ખાતે સદર કોચિંગ માટે હોસ્ટેલ સવલત મળવાપાત્ર રહેશે નહીં પરંતુ પ્રવેશ મેળવેલ ઉમેદવારને યુનિવર્સિટીના ગેસ્ટ હાઉસની ઉપલબ્ધતાને ધ્યાને રાખી વહેલાં તે પહેલાંના ધોરણે સ્વ ખર્ચે રહેવા-જમવાની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

F. અંતિમ પરીણામ બાદ પસંદગી પામેલ ઉમેદવારે એડ્મિશન માટે રૂા.૨,૫૦૦/- (રૂા. બે હજાર પાંચસો પુરા) ની ડીપોઝીટ તેમ જ લાયબ્રેરીના પુસ્તકો વાપરવા માટે રૂા.૨,૫૦૦/- (રૂા. બે હજાર પાંચસો પૂરા) ની ડીપોઝીટ તેને ફાળવેલ સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટર ખાતે જમા કરાવવાની રહેશે. ડિપોઝીટ નહીં ભરનાર ઉમેદવારનો પ્રવેશ કન્ફર્મ ગણવામાં આવશે નહી. વર્ષના અંતે જે ઉમેદવારની હાજરી ૭૫% અથવા તેનાથી વધુ હશે, તે ઉમેદવારને ડીપોઝીટની રકમ પરત આપવામાં આવશે, તેમ જ જે ઉમેદવારે લાયબ્રેરીમાંથી લીધેલા પુસ્તકને કોઈ પણ નુકસાન પહોંચાડ્યા વિના પરત કરેલ હશે તેમને જ લાયબ્રેરી ડીપોઝીટ પરત કરવામાં આવશે. જે ઉમેદવારની હાજરી ૭૫% થી ઓછી હશે તેમને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે નહિ તેમ જ જે ઉમેદવારોએ લાયબ્રેરીમાંથી લીધેલ પુસ્તકને કોઈ નુકસાન પહોંચાડ્યું હશે કે લાયબ્રેરીનું કોઈ પુસ્તક પરત નહિ કરેલ હોય તેમને લાયબ્રેરી ડીપોઝીટ પરત મળેશે નહિ. જેની સર્વે ઉમેદવારોએ નોંધ લેવી.

G. પ્રવેશ મેળવેલ ઉમેદવારોએ કોચિંગના સ્થળે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે.

H. પ્રવેશ મેળવેલ ઉમેદવાર માટે કોચિંગ સ્થળે ૭૫% હાજરી આપવી ફરજીયાત રહેશે.

I. ઉક્ત મુદ્દાઓ અન્વયે ઉમેદવારની કોઈપણ પ્રકારની માંગણી/રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહીં. તેમ છતાં આ બાબતે ઉમેદવાર કોઈપણ પ્રકારની લેખિત માંગણી/રજૂઆત કરશે તો તેમની આ માંગણી/રજૂઆત રદ્ બાતલ કરીને દફ્તરે કરવામાં આવશે અને સંસ્થા તેનો કોઈપણ પ્રકારનો જવાબ આપવા માટે બાદ્ય રહેશે નહીં.

J. જાહેરાત ઉમેદવારની અરજીની સંખ્યાને ધ્યાને લઈ પ્રવેશ પરીક્ષા મુજબ પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જેની દરેક ઉમેદવારોએ નોંધ લેવી.

K. ઉમેદવારે પોતાની અરજી સેન્ટર કો-ઓર્ડિનેટર કમ નોડલ ઓફિસર, સ્વામી વિવેકાનંદ IAS સ્ટડી સેન્ટર, વિદ્યાર્થી કલ્યાણ નિયામકશ્રીની કચેરી, સદાંકૃપુ, સરદારકૃષિનગર-૩૮૫૫૦૬ ના સરનામે તા. ૧૫/૧૧/૨૦૨૬ ના સાંજે ૫.૦૦ કલાક સુધીમાં મળી જાય તે રીતે કરવાની રહેશે.

SWAMI VIVEKANAND IAS STUDY CENTRE
STUDENT ADMISSION DETAILS FORM

To be completed by the applicant / concerned Study Centre.

A. Application and Centre Details

Sr. No.	_____
Form No.	_____
Centre Allotted	_____

B. Applicant Details

Name of the Applicant	_____
Gender	☐ Male ☐ Female ☐ Other
Category	☐ General / Open / Unreserved ☐ EWS ☐ SC ☐ ST ☐ OBC Non-Creamy ☐ Other
Email	_____
Mobile	_____
Address	_____ _____

C. Graduation Details

Year of Graduation	_____
All Subjects of Graduation	_____ _____
Marks Obtained in Graduation	_____

D. Post-Graduation Details (if applicable)

Year of Post-Graduation	_____
All Subjects of Post-Graduation	_____ _____
Marks Obtained in Post-Graduation	_____

E. Declaration

I declare that the information provided above is true and correct to the best of my knowledge.

Date: _____ Place: _____ Applicant Signature: _____

For Centre Use: Verified by: _____ Date: _____